# પ્રથમ લેખિત કસોટી : ઑક્ટોબર - ૨૦૧૬

તારીખ : ૧૭/૧૦/૨૦૧૬ | ધોરણ-૭ | સમય : ૧૧:૦૦ થી ૧૪:૦૦
વાર : સોમવાર | વિષય : ગુજરાતી | કુલ ગુણ : ૮૦

**વિદ્યાર્થીનું નામ :** ____________________ **બેઠક નંબર :** ________

**સૂચનાઓ :** (1) પ્રશ્નોના જવાબ અલગ ઉત્તરવહીમાં લખવાના રહેશે.

**પ્રશ્ન-1 (અ) નીચે આપેલાં પ્રશ્નોના જવાબ યોગ્ય વિકલ્પ પસંદ કરી લખો.** (6)

(1) ગંગા-જમનાનું નીર મંગાવવાનું કારણ .....

(ક) ચોકમાં છાંટવા (ખ) પવિત્ર પાણી પીવા

(ગ) ભગવાનના સ્નાન માટે (ઘ) પગ પખાળવા માટે

(2) વરસાદ સાથે અત્યંત નજીકનો સંબંધ કોને છે ?

(ક) ગાયને (ખ) મોરને (ગ) ચકલીને (ઘ) ગામને

(3) 'જીવન પાથેય' પાઠમાંના 'વિચાર-શૃંખલા' શબ્દનો અર્થ છે : ....

(ક) વિચારોની ક્રમિકતા (ખ) પ્રવાસ (ગ) ધ્યેય (ઘ) માન્યતા

(4) લેખકની દૃષ્ટિએ 'બા' એટલે .......

(ક) બેઠી દડીની, નીચી (ખ) મજબૂત બાંધાની

(ગ) પંચોતેર વર્ષની (ઘ) નિરંતર ઉદ્યોગ

(5) રાતા રંગથી ઝળાં હળાં રચનાનો આકાર કેવો હતો ?

(ક) સમચોરસ (ખ) લંબચોરસ (ગ) ગોળ (ઘ) લંબગોળ

(6) ત્રણેય મિત્રો કયા ગ્રહ ઉપર હતા ?

(ક) ચંદ્ર (ખ) સૂર્ય (ગ) ટિટાન (ઘ) વલય

**(બ) નીચે આપેલ વિભાગ 'અ'ને વિભાગ 'બ' સાથે યોગ્ય રીતે જોડી લખો.** (5)

| 'અ' | 'બ' |
|---|---|
| (1) આજની ઘડી રળિયામણી | (1) ધૂમકેતુ |
| (2) બે ખાનાંનો પરિગ્રહ | (2) પ્રવિણ દરજી |
| (3) ભીખુ | (3) આત્મકથા ખંડ |
| (4) જીવનપાથેય | (4) મનુબહેન ગાંધી |
| (5) બાનો વાડો | (5) નરસિંહ મહેતા |

Scanned by CamScanner

**(ક) નીચે આપેલી કાવ્યપંક્તિ પૂર્ણ કરો.** (4)

(1) ગંગા જમનાનાં ............................

..................................................

..................................................

......................... મંગળ ગવરાવીએ જી રે. સખી.

**પ્રશ્ન-2 (અ) નીચેના પ્રશ્નોના બે-ત્રણ વાક્યમાં જવાબ આપો. (ગમે તે ત્રણ)** (6)

(1) તરિયા તોરણમાં કયાં કયાં વૃક્ષોનાં પાંદડાં હોય છે ?

(2) લેખિકાએ 'હિન્દુસ્તાનના પિતા' કોને કહ્યા છે ?

(3) ઈન્સ્પેક્ટરને મહાદેવની આંખમાં શું દેખાયું ?

(4) લેખક અકસ્માતથી બચવા કયાં ચાલતા હતા ?

**(બ) નીચેના પ્રશ્નોના ત્રણ-ચાર વાક્યમાં ઉત્તર આપો. (ગમે તે બે)** (8)

(1) ગાય કોના-કોના ખેતરમાંથી પસાર થઈ ?

(2) બાપુએ લેખિકાને શાનો ઠપકો આપ્યો ?

(3) લેખકની બા 'સમયને જીરવી ગયાં' તેમ શાથી કહી શકાય ?

**(ક) નીચેનાં વિધાનો માટે કારણ આો. (ગમે તે ત્રણ)** (6)

(1) સુખનો અતિરેક થતાં બાનો અવાજ તરડાઈ જતો.

(2) બા પોતાના દીકરાને ઘેર બે-ત્રણ દિવસથી વધારે ન રહેતી.

(3) બા વહેલી સવારે થાળીમાં ફૂલ એકઠાં કરી નાખતી.

(4) લેખકના મતે બા ભોળી નહિ, ભલી ખરી.

**પ્રશ્ન-3 (અ) સૂચના પ્રમાણે કરો.**

**(1) નીચેના રૂઢિપ્રયોગના અર્થ આપી વાક્યમાં પ્રયોગ કરો. (ગમે તે બે)** (2)

(1) વદન કરમાઈ જવું (2) નામ લજવવું

(3) મેણું મારવું

**(2) નીચે આપેલા શબ્દોના વિરૂદ્ધાર્થી શબ્દો લખો.** (2)

(1) મૂલ્ય × (2) ગરીબ ×

**(3) નીચેના વાક્યમાંથી સંયોજક અલગ તારવીને લખો.** (2)

(1) એકમાં સામાન રખાવ્યો અને બીજામાં પૂજ્ય બાપુજીને સૂવાનું રાખ્યું.

(2) મહાદેવ ગાયને હાંકવા રોકાયો એટલે એને પરીક્ષામાં મોડું થયું.

Scanned by CamScanner

**(4) નીચે આપેલ શબ્દસમૂહ માટે એક શબ્દ આપો. (ગમે તે બે)** (2)

(1) જેનો પતિ હયાત છે તેવી સ્ત્રી

(2) તેજસ્વી વિદ્યાર્થીને અભ્યાસ માટે મળતી આર્થિક સહાય.

(3) વહાણ હંકારનાર

**(5) નીચે આપેલા વાક્યો કયા કાળના છે તે લખો.** (2)

(1) એ તો હિન્દુસ્તાનના પિતા હતા.

(2) સાંજ થવા આવી છે.

**(6) નીચે આપેલ કહેવતનો અર્થ આપો. (ગમે તે એક)** (1)

(1) મામાનું ઘર કેટલે તો દીવો બળે એટલે.

(2) દશેરાએ ઘોડું ન દોડવું.

**(7) નીચે આપેલા શબ્દોના સમાનાર્થી શબ્દો લખો. (ગમે તે બે)** (2)

(1) રાન (2) કેળવણી (3) રળિયામણું

**(8) નીચેના શબ્દોની જોડણી સુધારીને લખો. (ગમે તે બે)** (2)

(1) શીષ્યવૃત્તી (2) હાથીયો (3) પરિક્ષા

**પ્રશ્ન-4 (અ)** તમે કરેલા પ્રવાસનું વર્ણન કરતો પત્ર તમારા મિત્રને લખો. (5)

**(બ) નીચે આપેલા વિષયો પૈકી કોઈ એક વિષય પર નિબંધ લખો.** (10)

(1) મારો પ્રિય તહેવાર (2) મેળો

(3) સ્વાતંત્ર્યદિન

**પ્રશ્ન-5 (અ) નીચેનો ફકરો વાંચી પ્રશ્નોના જવાબ લખો.** (5)

'ભારતીય લગ્નપ્રથાનું જો કોઈ નબળામાં નબળું પાસું હોય તે દહેજપ્રથા છે. દીકરીના બાપે વરપક્ષવાળાને લગ્ન નિમિત્તે જે દાયજો કે પહેરામણી આપવી પડે છે તેને 'દહેજ' કહે છે. કેટલીક કોમોમાં તો આ રકમ ચાર-પાંચ આંકડા સુધી પહોંચી જાય છે. સરકારે પણ આ દહેજપ્રથા પર પ્રતિબંધ મૂકતી કાનૂની જોગવાઈ કરવી પડી છે. જે બાપને ત્રણ-ચાર દીકરીઓ હોય અને સાસરિયાંને દહેજ આપવાનું હોય તો એ બાપની દશા શી થાય ? કંઈક કુટુંબોને આર્થિક રીતે પાયમાલ કરી દેનારી, દીકરીઓનું જીવતર ઝેર કરી દેનારી આ ગોઝારી દહેજપ્રથાને હવે તો દૂર કર્યે જ છૂટકો. આ માટે યુવાનો અને યુવતીઓએ જ આગળ આવી દહેજ લેવા-આપવા સામે વિદ્રોહ કરવાની જરૂર છે.

Scanned by CamScanner

**પ્રશ્નો :-**

(1) ભારતીય લગ્નપ્રથાનું નબળામાં નબળું પાસું કયું છે ?

(2) દહેજ કોને કહે છે ?

(3) દહેજપ્રથાને દેશવટો આપવાની જરૂર કેમ છે ?

(4) યુવાનો અને યુવતીઓએ શું કરવું જોઈએ ?

(5) ગદ્યખંડને યોગ્ય શીર્ષક આપો.

**(બ) નીચે આપેલી પંક્તિનો વિચાર-વિસ્તાર કરો. (ગમે તે એક)** (4)

(1) 'ખાયા સો ખાયા, ખિલાયા સો પાયા'

(2) પારકી આશ સદા નિરાશ.

**(ક) નીચે આપેલા પ્રશ્નોના જવાબ ત્રણ-ચાર વાક્યમાં લખો. (ગમે તે ત્રણ)** (6)

(1) ગાય કોના-કોના ખેતરમાંથી પસાર થઈ ?

(2) ભીખુ દાળિયા ખાતાં શા માટે અટકી ગયો ?

(3) લેખકને સાચી કેળવણી કયારે મળી ?

(4) પરગ્રહવાસીનું શરીર કેવું લાગતું હતું ?

Scanned by CamScanner